ભિલોડા આર.જે.તન્ના પ્રેરણા મંદિર વિધાલયમાં ૩૬ મી નેશનલ ગેમ્સ અવેરનેસ કમ્પેઈનની ઉજવણી યોજાઈ

ભિલોડા શ્રી અર્બુદા સેવા સંઘ ધ્વારા સંચાલિત માતૃશ્રી આર.જે.તન્ના પ્રેરણા મંદિર વિધાલયમાં રમત - ગમત , યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ ધ્વારા આયોજીત અને કલેક્ટરના આદેશાનુસાર ૩૬મી નેશનલ ગેમ્સ અવેરનેસ કાર્યક્રમની ઉજવણી ઉત્સાહભેર યોજાઈ હતી. અરવલ્લી જીલ્લા પંચાયત સદસ્ય ઈન્દુબેન ભાવિનભાઈ તબિયાર ઉપસ્થિત રહ્યા હતા.યુવા ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા.સંસ્થાના મંત્રી દામુભાઈ પટેલએ ખેલાડીઓ,વિદ્યાર્થીઓએ રમતોમાં ભાગ લેવા જણાવ્યું હતું.આચાર્ય રમણભાઈ પટેલએ ખેલાડીઓ, વિદ્યાર્થીઓને દરરોજ એક કલાક નિયમિત કસરત કરવા માટે ફાળવવો જોઈએ,વિધાર્થીઓને તંદુરસ્ત રાખવા માટે કાળજી લેવા માટેની ખાસ અપીલ કરી હતી.કાર્યક્રમનું સફળ સંચાલન વ્યાયામ શિક્ષક દિનેશભાઈ ચૌધરી, પ્રજ્ઞેશભાઈ પટેલ સહિત ઈન સ્કૂલ કોચ જયેશભાઈ, ઓવેશભાઈ બાયડીયાએ કર્યું હતું.

પ્રાંતિજમાં સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે રાજસ્થાન હોસ્પિટલ ના સહયોગ થી મંગલોદય સેવા પ્રતિષ્ઠાન અને એકલવ્ય ફાઉન્ડેશન દ્વારા આયોજીત ફ્રી સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો હત જેમા ૨૪૦ થી પણ વધુ લોકોએ કેમ્પ નો લાભ લીધો હતો. પ્રાંતિજ રાદલ મહકાલી માતાના મંદિર ખાતે રાજસ્થાન હોસ્પિટલ ના સહયોગ થી મંગલોદય સેવા પ્રતિષ્ઠાન પ્રાંતિજ તથા એકલવ્ય ફાઉન્ડેશન પ્રાંતિજ દ્વારા આયોજીત ફ્રી સર્વરોગ રોગ નિદાન કેમ્પ યોજાયો હતો જેમા જુદાજુદા નિષ્ણાત ડૉક્ટરો દ્વારા કેમ્પ મા સેવા આપી. હતી જેમા હૃદય રોગ ના નિષ્ણાંત ડૉ.તરૂણ દવે , ફેફસાંના રોગોના નિષ્ણાંત ડૉ. શ્વેતા ગાગોયા, પેટ સંબંધિત રોગના ડૉ.નયન પંચોટિયા , હાડકાના રોગ ના નિષ્ણાંત ડૉ.કાન્તિલાલ જૈન, કેન્સરના ડૉ.રાજદીપ ગૃપતા ઉપસ્થિત રહ્યા હતા તો પ્રાંતિજ સહિત તાલુકામાંથી કુલ- ૨૪૦ થી પણ વધારે લોકોએ આ કેમ્પ નો લાભ લીધો હતો તો આ પ્રસંગે મંગલોદય સેવા પ્રતિષ્ઠાન સંચાલિત કામધેનુ ગૌ શાળા પ્રાંતિજ ના અધ્યક્ષ મહંત સુનિલદાસજી મહારાજ , એકલવ્ય ફાઉન્ડેશન પ્રાંતિજના અધ્યક્ષ હાર્દિક બ્રહ્મભટ્ટ, ડૉ.એન.કે.ડેરીયા , પિયુષભાઈ શાહ, અનુજ પટેલ સહિત ઉપસ્થિત રહ્યા હતા તો હિરેનભાઈ પ્રજાપતિ અને તેવોની ટીમ દ્વારા સુંદર કામગીરી કરવામા આવી હતી

ડીસામાં ક્ષત્રિય સમાજની બેઠક યોજાઈઃ સમાજને એક મંચ પર આવવા આહવાન

દશેરાના દિવસે શસ્ત્ર પૂજનને લઈને અખિલ ભારતીય ક્ષત્રિય મંચ દિલ્હી ગુજરાત પ્રદેશના પ્રમુખ બહાદુરસિંહ વાઘેલાના અધ્યક્ષ સ્થાને ડીસા ત્રણ હનુમાન મંદિર ખાતે એક અગત્યની બેઠક યોજાઈ હતી. જેમાં ક્ષત્રિય રાજપૂત સમાજમાં પડતા વર્ગ વિગ્રહને બદલે સમાજના તમામ વર્ગના લોકો એકમંચ પર આવી સમાજના ઉત્થાન માટે અને સમાજને ઉપર લાવવા એકતા અને ભાઈચારો કેળવે તે અંગે બેઠકમાં ચર્ચા વિચારણા કરવામાં આવી હતી સાથે આવનારી વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને રાજપૂત સમાજના અગ્રણી બહાદુરસિંહ વાઘેલાને ટીકીટ ફાળવવામાં આવે તેવી માંગ કરી વિવિધ લોકો દ્વારા પોતાના મંતવ્યો રજૂ કરવામાં આવ્યા હતા. અને આવનાર દશેરાના શુભ દિવસે દર વર્ષની જેમ ક્ષત્રિય સમાજ દ્વારા કરાતા શસ્ત્ર પૂજનને લઈને પણ મહત્વની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી શસ્ત્ર પૂજન ઠેર ઠેર નહીં પણ એક જ સ્થળે સમાજના અગ્રણી બહાદુરસિંહ વાઘેલાની આગેવાનીમાં કરી સર્વે લોકો એકજ? નેજા હેઠળ કરવામાં આવે તે માટે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી આ પ્રસંગે ક્ષત્રિય સમાજના અગ્રણી બહાદુરસિંહ વાઘેલા લાલસિંહ ઝાબડીયા વનરાજ સિંહ જાડેજા બાબરસિહ તેમજ નામી અનામી હોદેદારો આગેવાનો અને વિવિધ ગામોના ક્ષત્રિય સમાજના સરપંચો વગેરે હાજર રહ્યા હતા.

મોડાસા ટાઉન પોલીસ લકઝરી બસ ચોરીની ફરિયાદ નોંધે તે પહેલા ઈસરી પોલીસે લકઝરી બસ સાથે એક ચોરને દબોચી લીધો

ગુજરાતમાં પોલીસતંત્ર ગુન્હાનો ગ્રાફ ઘટાડવા ચોપડે ફરિયાદ નોંધાતી ન હોવાના અનેક વાર આક્ષેપ થઈ ચુક્યા છે ત્યારે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન હદમાંથી ચોરી થયેલ લકઝરી બસની ફરિયાદ નોંધાય તે પહેલા ઈસરી પોલીસે કદવાડી ગામની સીમમાંથી લકઝરી બસ ચોરનાર એક આરોપી અને રાજસ્થાનમાં ખાડામાં ઉતરી ગયેલ લકઝરી રિકવર કરી લીધી હતી ત્યારે લકઝરી બસના માલિક ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ ન નોંધાવી કે પછી ચોરીની ફરિયાદ નોંધી નહીં ટાઉન પોલીસે તે અંગે અનેક સવાલ પેદા થયા છે ટાઉનૅં ભરાઈએ પણ ૪ વાગ્યા સુધી લકઝરી બસ ચોરી અંગે કોઈ ફરિયાદ નોંધાઈ ન હોવાનું અને આ અંગે મને કોઈ જાણકારી ન હોવાનું રટણ કર્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર,મોડાસા શહેરના માલપુર રોડ પર આઈટીઆઈ નજીક પાર્ક કરેલી ગુરૂકૃપા ટ્રાવેલ્સની લકઝરી બસની શનિવારે વહેલી સવારે ચોરી થતા વાહન માલિક ચોંકી ઉઠ્યા હતા આ અંગે ટાઉન પોલીસ પોલીસને જાણ કરતા ટાઉન પોલીસે જીલ્લા પોલીસ તંત્રને જાણ કરી દીધી હતી જો કે લકઝરી બસની ચોરી થયાના ૧૫ કલાક સુધી ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ ન હોવાનું પીએસઓ મણિલાલે જણાવ્યું હતું છે સાંજે ૭ વાગ્યાની આસપાસ ફરિયાદ નોંધાઈ હતી જો કે ફરિયાદ નોંધાઈ તે પહેલા ઈસરી પોલીસે લકઝરી બસ ચોરી કરનાર ઈસમને કદવાડી નજીક થી બપોરના સુમારે દબોચી લઈ બસ રાજસ્થાનના બલણીયા નજીકથી ખાડામાં ઉતરેલી મળી આવતા રિકવર કરી હતી.

સમાન વેતન અને કાયમી કર્મચારીની જેમ પગારના લાભ માટે માંગ

સાબરકાંઠા જિલ્લા પંચાયત કરાર આધારીત કર્મચારીઓએ જિલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપ્યું : ૮ માંગનો આવેદનપત્રમાં સમાવેશ

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૧૯

સાબરકાંઠા જિલ્લા પંચાયત, કરાર આધારીત, આઉટ સોર્સ અને રોજમદાર કર્મચારી મંડળ દ્વારા શનિવારે જિલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપી રોજમદાર તરીકે ફરજ બજાવતા કર્મચારીઓને કાયમી કર્મચારીઓને મળતા લાભો આપવા, યોગ્ય પગારનીતિ બનાવવા આવેદનપત્ર આપી માંગ કરી છે. આવેદનપત્રમાં ૮ માંગનો સમાવેશ થયો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર રાજયમાં એક પછી એક કર્મચારીઓએ પડતર માંગ મુદે આંદોલનનો જંગ છેડયા પછી સામે વિધાનસભા ચૂંટણી હોવાથી રાજય સરકારને કર્મચારીઓની નારાજગી પરવડે તેમ ન હોવાથી કર્મચારી સંગઠનની કેટલીક માંગો સ્વીકારી લેવામાં આવી છે અને હવે સરકાર

સામે વિવિધ જિલ્લાના કરાર આધારીત આઉટ સોર્સ અને રોજમદાર કર્મચારી મંડળે જંગ શરુ કર્યો છે. સાબરકાંઠા જિલ્લા કર્મચારી મંડળ દ્વારા જિલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપી હૈયાવરાળ ઠાલવી છે કે સરકારના હાથ-પગ એવા નાના કર્મચારીઓ જેમના માથે કૌટુંબિક અને સામાજીક જવાબદારીઓનો બોજ ખડકાયેલો હોય છે અને તેમને કરાર આધારીત આઉટ સોર્સ અને રોજમદાર તરીકે ઓછા પગાર અને શોષણથી કામગીરી કરવી પડી રહી છે. ગુજરાત આજે એક મોડલ સ્ટેટ તરીકે સમગ્ર દેશમાં એક છાપ છોડી રહ્યું છે ત્યારે ગુજરાત મોડલને તમામ દીશાઓમાં આગળ રાખવા માટે કર્મચારીઓ પોતાનો ખૂન પસીનો એક કરીને સતત કામગીરી કરી રહ્યા છે જેથી રાજયમાં કે કેન્દ્ર સરકારની યોજવામાં કરાર આધારીત આઉટ સોર્સ તરીકે કામ કરતા કર્મચારીઓ કે જેઓ સમાન હોદો કે સમાન કેડરના હોય તેમના પગારમાં ઘણા તફાવત હોય છે. જેનું કારણ એ છે કે ગુજરાત સરકારમાં કરાર આધારીત આઉટ સોર્સ અને રોજમદાર કર્મચારીઓ માટે યોગ્ય પગાર માટેની કોઈ નીતિ નથી જેથી અન્યાય થઈ રહ્યો છે. જેથી આ અંગે યોગ્ય વિચારણા કરી ન્યાય આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

કર્મચારીઓની કઈ માંગ

કરાર આધારીત કર્મચારીઓને કાયમી કરવામાં આવે, તેમની સમાન કેડરના કાયમી કર્મચારીઓની જેમ પગારના તમામ પ્રકારના લાભ મળે, કાયમી કર્મચારીઓને મળતી રજાના લાભો, મેડીકલ કવરના લાભ, એલ.ટી.સી. અને જીવન વિમાના લાભ, આઉટ સોર્સીગ એજન્સીઓએ કર્મચારીઓના હક્કના રૂપિયામાં ખાયકી કરેલ તમામ રુપિયા સરકારી કર્મચારીઓને ચૂકવી આપે, ૨ વર્ષ કે તેથી વધુ સમયથી નોકરી કરેલ હોય તેવા કર્મચારીઓને કાયમી સરકારી નોકરીનું રક્ષણ આપવું, ૧૧ માસ કરાર આધારીત આઉટ સોર્સીગ ફિક્સ પગાર ઈન્સેટીવ અને માનદ વેતન જેવી શોષણ ભરી નીતિઓ તાત્કાલિક દૂર કરવી, ચાલુ નોકરી દરમ્યાન કર્મચારીનું અવસાન થાય તો તેમના પરિવારને રુ. ૫ લાખની સહાય, ઈ.પી.એફ., ઈ.એસ.આઈ. જેવા લાભો આપવામાં આવે, જી.એસ.ટી.ના ૧૮ ટકા કર્મચારીઓના પગારમાંથી કાપવામાં આવે છે અને કર્મચારીઓનું શોષણ થાય છે તે બંધ કરવામાં આવે.

૩૬ મી નેશનલ ગેમ્સ અ વેરનેસ ચેમ્પિયન હેઠળ તારીખ ૧૯ ૯ ૨૦૨૨ ને સોમવારના રોજ ઠાકોર સાહેબ શ્રી ગોપાલસિંહજી શ્રેયસ વિદ્યાલય વડાગામ હાઈસ્કુલ માં રી ક્રીએશન રમતો તથા પ્રચલિત ભારતીય રમતો નો કાર્યક્રમ યોજાઈ ગયો આ પ્રસંગે તાલુકા પંચાયત સદસ્ય શ્રી રાહુલ કુમાર બાબુભાઈ પ્રજાપતિ કેળવણી મંડળના મંત્રીશ્રીલી નેશભાઈ શાહ ગોવિંદભાઈ જે પ્રજાપતિ હાજર રહેલ હતા આ પ્રસંગે કેળવણી મંડળના પ્રમુખશ્રી દિલીપસિંહજી પરમાર સાહેબ ઉપપ્રમુખ વિષ્ણુપ્રસાદ ગોર સરપંચ શ્રી કુમાર સૂર્ય ભાણસિંહજી રહેવર સહમંત્રી ભીખાભાઈ ગો ર તથા સમગ્ર કેળવણી મંડળ એ શુભેચ્છાઓ પાઠવી હતી સ્પર્ધાનું આયોજન શ્રી એવી દેસાઈ શ્રી ડીએચ પટેલ શ્રી પાર્થ ભાઈ પટેલ કરેલ હતું સમગ્ર કાર્યક્રમનું લાઈજોનીગ શાળાના પ્રિન્સિપાલ શ્રી જીએસ ચંપાવત દ્વારા કરેલ તથા વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરેલ હતા.

ડીસામાં નવલા નોરતાની તડામાર તૈયારીઓ શરૂઃ ખેલૈયાઓમાં ઉત્સાહ

ડીસા, તા. ૧૯

નવરાત્રિના હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે ખેલૈયાઓમાં એક ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને પ્રેક્ટિસ પણ કરી રહ્યા છે બે વર્ષ કોરોનાના કારણે ખેલૈયાઓ મન મૂકીને નાચી શક્યા નથી. જોકે દર વર્ષે નવરાત્રીમાં અવનવી સ્ટાઈલ ખેલૈયાઓની ફેવરિટ બનતી હોય છે.બનાસકાઠા જિલ્લામા દાંડિયા ક્લાસીસ દ્વારા આ વર્ષે પુષ્પા સ્ટાઈલ જુકેગા નહીં ફ્રી સ્ટાઈલમાં ગરબાની પ્રેક્ટિસ કરાવવામાં આવી રહી છે. નવરાત્રીને લઈ ખેલૈયાઓમાં એક અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે... છેલ્લા ઘણા સમયથી બનાસકાંઠા જિલ્લાના ખેલૈયાઓ અવનવી સ્ટાઈલમાં પ્રેક્ટિસ કરી રહ્યા છે. આજકાલ ડિજિટલ સાથે વાત કરતા ખેલૈયાઓએ જણાવ્યું કે કોરોનાના કારણે તેઓ નવરાત્રી માં રમી શક્યા ન હતા જોકે આ વર્ષે મન મૂકીને રમશે. ત્યારે બનાસકાંઠા જિલ્લાના ડીસા શહેરમાં નવરાત્રી તૈયારી શરુ થઈ રહી છે.ત્યારે ડીસાના રેલ્વે સ્ટેશન વિસ્તારમાં જોગણી માતાના મંદિરે દર સાલ ગરબાનુ સુંદર આયોજન કરવામા આવે છે જેને લઈ આજરોજ મંદિર ખાતે બેઠક બોલાવવામા આવી હતી.જેમા આયોજકો દ્વારા ખૈલેયા અને જોવા આવનારને ગરબામાં કોઈ અગવડ ના પડે તેની ખાસ આયોજકોએ તકેદારી રાખવી તેવુ વિજયભાઇ વાઘેલાએ જણાવ્યુ હતું. આ પ્રસંગે વિજયભાઇ વાઘેલા,રમેશભાઇ મંત્રી,રણજીતભાઇ, અમિતભાઇ રાજગોર.જેન્તિભાઇ.વિષ્ણુભાઇ સોમાભાઈ તેમજ આ વિસ્તારના આગેવાનો હાજર રહ્યા હતા.

બનાસકાંઠા જિલ્લાની ગાંધીનગર જતી આંગણવાડી બહેનોની ધરપકડ

ડીસા, તા. ૧૯

સમગ્ર રાજ્યની આંગણવાડી બહેનો પોતાની વિવિધ માંગણીઓના હક્કો માટે આંદોલન કરી રાજ્ય સરકાર પાસે અપેક્ષાની માંગણીઓ કરી રહી છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા કાર્યકર બહેનોનો એકપણ મુદ્દો સ્વીકારવામાં આવ્યો નથી. અને માત્ર ૨૨૦૦ રૂપિયાનો પગાર વધારો જાહેર કરી દેવામાં આવ્યો છે. જેથી બહેનોની માંગણીઓ નહી સંતોષાતાં લડતનું આંદોલન યથાવત રાખવામાં આવ્યું છે. આથી આજે રાજ્યની આંગણવાડી બહેનોને સમર્થન આપવા ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે પહોંચવાનું આયોજન કરવામાં આવતાં ગુજરાત સરકારના આદેશ મુજબ પરોઢિયેથી તાલુકા ખાતે આવેલા પોલીસ મથકોની પોલીસ રસ્તાઓ પર ગોઠવાઈ જવા પામી હતી. ત્યારે ડીસા, પાલનપુર, સુઈગામ, વાવ, માવસરી, આગથળા પોલીસે વહેલી સવારથી વાહનો સાથે આંગણવાડી બહેનોની અટકાવી પોલીસ મથકોના ગ્રાઉન્ડમાં બેસાડી દેવામાં આવતાં રોષ ફેલાયો છે. થરાદ પીઆઈ પોલીસ કાફલા સાથે વહેલી સવારથી ચાર રસ્તા પર બહેનોને અટકાવવા તૈનાત રહ્યા છે. પરંતુ અધવચ્ચે વાવ અને માવસરી ઉભેલી પોલીસે બહેનોની અટકાયત કરી દેવામાં આવી છે. થોડા દિવસો પહેલા ગુજરાત રાજ્યની પોલીસ પોતાના હક્કો માટે પણ ગાંધીનગરના રસ્તાઓ પર આવી હતી અને ગ્રેડ-પેની માંગણીઓ કરવામાં કેટલાક તાયફાઓ કરી હક્ક મેળવ્યો છે. તો નાના ભૂલકાઓને પાયાનું શિક્ષણ આપતી બહેનોને પોલીસે કેમ રોકી રહી છે ? એ બાબતે સવાલો ઉભા થયા છે.

બનાસકાંઠાના ૪૬૧ મહેસુલી કર્મચારીઓની માસ સીએલ : અરજદારો અટવાયા

ડીસા, તા. ૧૯

બનાસકાંઠા જિલ્લામાં મહેસૂલી કર્મચારીઓએ આજે માસ સીએલ પર ઉતરી લડત આરંભી છે. જિલ્લામાં ૪૬૧ મહેસૂલી કર્મચારીઓએ સરકાર સામે સૂત્રોચ્ચાર કરી માંગણીઓ નહીં સંતોષાય તો અચોક્કસ મુદ્દતની હડતાળ પર ઉતરવાની ચિમકી ઉચ્ચારી છે. જુની પેન્શન યોજનાના અમલીકરણ સહિત વિવિધ પડતર પ્રશ્નોના નિરાકરણ માટે સરકારી કર્મચારીઓ આંદોલનના માર્ગે છે ત્યારે બનાસકાંઠા જિલ્લા મહેસૂલી કર્મચારી મંડળના આગેવાન ધનજીભાઈ જોશીએ જણાવ્યું છે કે, જુની પેન્શન યોજના સહિતના મહેસૂલી કર્મચારીઓના પડતર પ્રશ્નોના નિકાલ માટે ગુજરાત રાજ્ય મહેસૂલી કર્મચારી મહામંડળની સાથે બનાસકાંઠા જિલ્લા મહેસૂલી કર્મચારી મંડળ વર્ગ- ૩ ના કુલ- ૪૬૧ જેટલાં કર્મચારીઓ માસ સીએલ પર ઉતર્યા છીએ.

અવસાન નોંધ

ધનસુરા તાલુકાના વડાગામના, મોઢ પાટીદાર સમાજના આગેવાન કનુભાઈ પટેલ (પત્રકાર)ના પિતા જયંતિભાઈ કાલીદાસ પટેલનું દુઃખદ નિધન થતાં સ્વર્ગસ્થની અંતિમ યાત્રામાં અનેક લોકો જોડાયા હતા. સ્વર્ગસ્થનું બેસણું તા. ૨૩મા રોજ તેમના નિવાસસ્થાન વડાગામ તા. ધનસુરા ખાતે રાખેલ છે.

ઝાંઝરીનો ભોગીયો ધરો વધુ ૨ પર્યટકોને ભરખી ગયો, સતત મોતની હારમાળા છતાં તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં

અત્યાર સુધીમાં ભોગીયા ધરા આસપાસ ૬૫ થી વધુ લોકોના મોત, સુરક્ષાના નામે મીંડું

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૧૯

બાયડ તાલુકાના ઝાંઝરીનો ભોગીયો ધરો રવિવારે વધુ ૨ અમદાવાદના પર્યટકોને ભરખી જતાં અમદાવાદના કુબેરનગર વિસ્તારમાં માતમ છવાયો છે. બંન્નેની એક સાથે અર્થી ઉઠતાં અનેક લોકો હિબકાં લેતા જોવા મળ્યા. અરવલ્લી જિલ્લા વહીવટી તંત્રની ઘોર બેદરકારીથી અત્યાર સુધીમાં ભોગીયા ધરા આસપાસ ૬૫ થી વધુ પર્યટકોના મોત નિપજ્યા છે. આવી દુર્ઘટના નોંધાય એટલે તંત્ર મગરના આંસુ સારીને દોડતું થાય છે પરંતુ તયાર પછી ગ્રાન્ટના અભાવે બધું વિસારે પાડી દે છે. સતત મોતની હારમાળાને અટકાવવા માટે હવે ઠોસ પગલાં ભરવાં જરૂરી હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર વાત્રક નદી કિનારે આવેલા ડાભા ગામ પાસે ઝાંઝરીનો ધોધ આવેલો છે. દૂરથી રળીયામણો દેખાય છે પરંતુ તેને અનેક જનેતાઓના દૂધમલ જેવા યુવાનો છીનવી લીધાનું કલંક દર વર્ષે તેમાં ઉમેરાતું રહ્યું છે. બાયડ પ્રાંત અધિકારીથી માંડી જિલ્લા કલેક્ટર દ્વારા કોઈ પર્યટક ભોગીયા ધરામાં ડૂબી જાય એટલે ઉચિત પગલાં ભરવાના વાયદા કરી મગરના આંસુ સારે છે પરંતુ આજદિન સુધી કોઈ પગલાં ભરાયાં નથી. છેલ્લા ૧૫ વર્ષથી તંત્ર દ્વારા ભોગીયા ધરા આસપાસ સુરક્ષાનો યોગ્ય પ્રબંધ કરાયાના દાવા ફારસરૂપ સાબિત થયા છે. આ વિસ્તારની પ્રજા પણ પર્યટકોને બચાવવા માટે કોઈ તો આગળ આવો તેવી આહટ પોકારતી જોવા મળી રહી છે ત્યારે નઘરોળ બનેલું તંત્ર વધુ ૨ પર્યટક યુવાનોના મોત પછી સાચા અર્થમાં સંવેદના દાખવશે ખરૂ..?? તેવા તીખા સવાલ થઈ રહ્યા છે. સૂત્રોએ

જણાવ્યું કે રવિવાર હોવાથી અમદાવાદના ૬ જેટલા યુવાનો ઝાંઝરીના નયનરમ્ય દ્રશ્યોને જોવા માટે આવ્યા હતા અને ત્યારબાદ અજાણતાં જ ડૂબવા લાગ્યા હતા તે પૈકી ૪ જણને તો બચાવી લીધા પરંતુ જીતુ વિનોદભાઈ બાધેલ(ઉ.૧૯ વર્ષ) અને અમન રાજુસિંહ તોમર(ઉ.૧૯ વર્ષ) (બંન્ને રહે.કુબેરનગર, અમદાવાદ) ભોગીયા ધરામાં ડૂબી જતાં સ્થાનિક તરવૈયાઓ મારફતે પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યા પરંતુ વધુ પડતું પાણી પી જવાના કારણે તેમને મોત ભરખી ગયું હતું. વધુ એક રવિવાર પર્યટકો માટે ગોઝારો સાબિત થયો છે.

યુદ્ધની અસરથી મેડીકલ વિદ્યાર્થીઓનું ભાવિ અધ્ધરતાલ

ઉત્તર ગુજરાતમાં યુક્રેનથી અભ્યાસ છોડી પરત ફરેલા મેડીકલ છાત્રોને દેશની મેડીકલ કોલેજમાં પ્રવેશ મુશ્કેલ

હવે અન્ય દેશમાં પ્રવેશ મેળવવો પડે તેવી સ્થિતિ

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૧૯

રશિયા-યુક્રેન યુદ્ધની વૈશ્વિક સ્તરે ગંભીર અસરો જોવા મળી છે. ત્યારે યુદ્ધગ્રસ્ત યુક્રેનમાં મેડીકલ અભ્યાસ માટે ગયેલા છાત્રો જીવ બચાવવા પરત સ્વદેશ ફર્યા હતા. ઉત્તર ગુજરાતના ૩૦૦ છાત્રોને હવે દેશની મેડીકલ કોલેજમાં પ્રવેશ સંભવ નથી જેથી અન્ય બીજા દેશોમાં પ્રવેશ માટે મહેનત કરવી પડે તેવી સ્થિતિ પેદા થઈ છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર કેન્દ્રની સુપ્રિમમાં એફીડેવિટ થયેલી છે જેમાં ઓછા નીટ સ્કોરવાળા વિદ્યાર્થીઓને સામેલ કરાય તો અગાઉથી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વિરોધ કરી શકે છે જેથી યુક્રેનની કોલેજમાંથી એમૂવલ લીધા પછી વિદ્યાર્થીઓ અન્ય દેશોમાં ટ્રાન્સફર લઈ શકે તેવી સ્થિતિ જોવા મળી છે. કેન્દ્ર સરકારે આ રીતે કોર્ટમાં પોતાનો પક્ષ મૂક્યો છે અને તેમાં જણાવ્યું છે કે આ વિદ્યાર્થીઓ ઓછા મેરીટમાં છતાં દેશની પ્રતિષ્ઠિત મેડીકલ કોલેજમાં પ્રવેશ આપવામાં આવે તો તે વિદ્યાર્થીઓ સાથે અન્યાય થવાની સંભાવના છે. તેમને નીટમાં ઓછો સ્કોર હતો એટલે રાજ્ય-દેશની મેડીકલ કોલેજમાં એડમીશન મળ્યું નથી અને ઓછી પ્રતિષ્ઠિત કોલેજોમાં એડમીશન લેવાની ફરજ પડી હતી. જ્યારે ખાનગી કોલેજોમાં એડમીશન આપવામાં આવે તો સંભવ છે કે આવી કોલેજોની ફી યુક્રેનની યુનિ.ની ફી કરતાં વધુ હોય અને અનેક વિદ્યાર્થી-વાલીઓ ફી ભરવા સક્ષમ ન પણ હોય. ટૂંકમાં ઉત્તર ગુજરાતના યુક્રેનથી પરત ફરેલા મેડીકલ છાત્રોને હવે દેશમાં એડમીશન મળવાની સંભાવના ધૂંધળી છે. જેથી કેટલાક છાત્રોએ અન્ય દેશોમાં પ્રવેશ માટે પણ જોરશોરથી પ્રયત્નો કર્યાનું જાણવા મળ્યું છે.

વિરોધનો વંટોળ વકર્યો...

હિંમતનગર ડિવિઝનના ભિલોડા એસ.ટી.બસ ડેપોના કર્મચારી દ્વારા કાળી પટ્ટી ધારણ કરીને વિરોધ પ્રદર્શન

ભિલોડા,તા.૧૯

હિંમતનગર ડિવિઝનના ભિલોડા એસ.ટી.બસ.ટી.ડેપો ધ્વારા આજે જી. ડેપોના કર્મચારીઓ અને સંકલન સમિતિ દ્વારા પોતાની માંગણીઓને લઈ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યો હતો.

ઘણા લાંબા સમયથી એસ.ટી કામદારોના પડતર પ્રશ્નોનો ઉકેલ ન આવતા કામદારોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો.કાળી પટ્ટી બાંધી સુત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કર્યું.

સાતમાં પગાર પંચ મુજબ પગારની વિસંગતતાઓ દુર કરી અને સંકલન સમિતિ દ્વારા આપવામાં આવેલ આવેદનપત્ર મુજબ ની ૧૩ માંગણી ઓ મુજબ પગાર ધોરણ સુધારી આપવામાં આવે,બે વર્ષ સુધીનું બોનસ અટકવામાં આવ્યું છે તે બોનસ આપવામાં આવે,ગ્રેડ - પે માં સુધારો કરવામાં આવે,વર્કશોપ સાઈડમાં નવી ભરતી અને વિવિધ પ્રશ્નો નો ઝડપી ઉકેલ લાવો,ગુજરાત રાજ્ય સરકારના કામદારોને જે પ્રમાણે ભથ્થું આપવામાં આવે છે તે પ્રમાણે ભથ્થું આપવામાં આવે તેમજ અનેક મુદ્દાઓ લઈને વિરોધ પ્રદર્શન કર્યું હતું.